ફક્ત ગેરહાજર પરીક્ષાર્થીઓ માટે જ

નીચેની લીટીવાળા ભાગથી કાપીને 'બારકોડવાળું' ફક્ત આ એક ૪ પૃષ્ઠ, પત્રક - A તથા પત્રક - B જોડે ભૂલ્યાં વગર પરત મોકલવું.

# સત્સંગ શિક્ષણ પરીક્ષા

બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, શાહીબાગ, અમદાવાદ - 380 004.

## બાળ સત્સંગ - એક

રવિવાર, ૧ માર્ચ, ૨૦૦૯ | સમય : સવારે ૯ થી ૧૧ | કુલ ગુણ : ૧૦૦

**ગેરહાજર પરીક્ષાર્થીની જવાબવહીનું ફક્ત આ પૃષ્ઠ જ પરત મોકલવું.**

☞ **પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે 'બારકોડ' દર્શાવેલ છે, તેને કોઈ પણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૧ (૧૦) | |
| | ૨ (૧૦) | |
| | ૩ (૧૦) | |
| | ૪ (૧૦) | |
| | ૫ (૧૦) | |
| વિભાગ - ૧, કુલ ગુણ | | |

**ફરજિયાત : પરીક્ષાર્થીએ જાતે ભરવાની વિગત**

પરીક્ષાર્થીની જન્મ તારીખ: તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષાર્થીનો અભ્યાસ ..........................................................

પરીક્ષાર્થીના જ નામવાળી જવાબવહી અને ઉપરની ફરજિયાત ભરવાની તેની જ વિગતોની સત્યાર્થતા ચકાસીને વર્ગસુપરવાઈઝરે સહી કરવી.

વર્ગસુપરવાઇઝરની સહી ..................................................

**પરીક્ષક તરફથી પાંચ ગુણ સારા અક્ષર અને સ્વચ્છ લખાણના આપવામાં આવશે**

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૬ (૧૦) | |
| | ૭ (૫) | |
| | ૮ (૧૦) | |
| | ૯ (૧૦) | |
| | ૧૦ (૧૦) | |
| સારા અક્ષર (૫ ગુણ) | | |
| વિભાગ - ૨, કુલ ગુણ | | |

☞ **પાછળ લખેલી સૂચનાઓનું અવશ્ય પાલન કરવું.**

**પેપર તપાસનાર(પરીક્ષક)ની સહી**

.......................................

**મોડરેશન વિભાગ માટે જ**

ગુણ શબ્દોમાં . . . . . . . . . .

ચેકર - નામ

## પરીક્ષાર્થીઓને અગત્યની સૂચના :-

**૧. આગળના મુખ્ય પૃષ્ઠ ઉપર પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે બારકોડ દર્શાવેલ છે, તેને કોઈપણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

૨. પરીક્ષાર્થીએ ખૂબ જ સ્પષ્ટ તથા સુંદર અક્ષરે આગળના પાનામાં માંગ્યા મુજબ વિગતો ભરવી ફરજિયાત છે.

૩. આપે ઉત્તરવહીમાં (જવાબવહીમાં) ક્યાંય કોઈ પણ જગ્યાએ આપનું નામ લખવાનું નથી.

૪. મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલા પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર પોતાના જ નામવાળી જવાબવહી ઉપર વર્ગસુપરવાઇઝરની સહી કરાવી લે.

**૫. વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

૬. પ્રશ્નના ગુણ ➔ | ગુણ : ૧ | | ← પરીક્ષકે પ્રશ્ન તપાસીને મૂકવાના ગુણની જગ્યા

**૭. પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા ફક્ત કાળી શાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શાહીથી અથવા એકથી વધારે શાહીથી લખેલા ઉત્તરો માન્ય ગણાશે નહીં.**

૮. પ્રશ્નોના જવાબ સૂચના મુજબ આપવા. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં.

૯. **પરીક્ષા ખંડની બહાર** કે અન્ય તમામ પરીક્ષાર્થીઓથી અલગ કે પરીક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરીને આપેલી પરીક્ષા માન્ય ગણાશે નહિ.

**૧૦. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલ પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય.**

**૧૧. જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલ ઉત્તર માન્ય ગણાશે નહિ.**

## *Important Instructions For Satsang Exam Students*

1. **Please do not damage in any way the bar code printed on the front page.**
2. Please write clearly and legibly.
3. Do not write your name on the answer book.
4. On the day of the Final Satsang Examinations, all examinees should obtain the signature of the class supervisor on the answer sheet bearing their own personal details only.
5. Answer books without the signature of the Class Supervisor will be considered **not valid.**
6. Marks for Question ➔ | 1 Mark | | ← Space for Examiner to write marks
7. **Write your answers with either a blue or black pen only. Answers written in pencil, or with a red, green or any other coloured pen will not be considered valid. Answers written in more than one coloured ink will not be considered valid.**
8. Follow the instructions while answering. Answers crossed out will not be considered valid.
9. Examinations taken at **unauthorized locations** or in which the exam rules have been violated will not be considered valid.
10. **Without the prior permission of the Pariksha Karyalay in Ahmedabad, answer papers written by substitute writers in place of the original candidate will not be accepted. Answer papers with more than one type of handwriting will not be accepted.**
11. **Answers written on extra pages will not be considered valid.**

## વિભાગ : ૧

**પ્ર.૧. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૧૦)**

૧. કાલિદત્ત આવ્યો ત્યારે ઘનશ્યામ ....આંબા.... ના ઝાડ નીચે સૂતા હતા. (લીમડા, આંબા, વડ) ગુણ : ૧

૨. ઘનશ્યામની પરીક્ષા કરવા ધર્મદેવે ....શ્રીમદ્ ભગવદ્ ગીતા.... ગ્રંથ મૂક્યો. (શ્રીમદ્ ભગવદ્ ગીતા, મહાભારત, શ્રીમદ્ ભાગવત) ગુણ : ૧

૩. પટ્ટાભિષેક વખતે સહજાનંદ સ્વામીની ઉંમર ....૨૦.... વર્ષની હતી. (૨૦, ૨૧, ૧૯) ગુણ : ૧

૪. શ્રીજીમહારાજે મગનીરામને દીક્ષા આપીને ....અદ્વૈતાનંદ.... નામ પાડ્યું. (અદ્વૈતાનંદ, અદ્ભુતાનંદ, આત્માનંદ) ગુણ : ૧

૫. સરયૂદાસને ....વગડામાં.... રહેવું ગમતું હતું. (વગડામાં, ઘરમાં, સરયૂ નદી કિનારે) ગુણ : ૧

૬. આરતીની રચના ....મુક્તાનંદ સ્વામી.... એ કરી. (બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી) ગુણ : ૧

૭. નીલકંઠવર્ણીએ ....જાંબુવાન.... ના ખભે બે હાથ મૂકી આશ્વાસન આપ્યું. (જાંબુવાન, જોબન પગી, જયરામદાસ) ગુણ : ૧

૮. શ્રીજીમહારાજ પ્રથમવાર ગઢડામાં પધાર્યા ત્યારે ....જીવા.... ખાચરે પેંડાનો પ્રસાદ વહેંચ્યો હતો. (સુરા, દાદા, જીવા) ગુણ : ૧

૯. શ્રીજીમહારાજે ....જોબન પગી.... નું પરિવર્તન કરી, ગધેડાની ગાય બનાવી. (પિબેક, જોબન પગી, મગનીરામ) ગુણ : ૧

૧૦. ભગવાન આ પૃથ્વી ઉપર ....સાચા સંતો.... દ્વારા હંમેશાં પ્રગટ જ રહે છે. (સાચા સંતો, મંદિર, શાસ્ત્ર) ગુણ : ૧

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૨. નીચે આપેલાં ખરા વાક્યની સામે '✔' (ખરા)ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે '✘' (ખોટા)ની નિશાની કરો. (કુલ ગુણ : ૧૦)**

૧. ઘનશ્યામ રાધાકૃષ્ણના મંદિરમાં મહાભારતની કથા સાંભળતા હતા. ....✗.... ગુણ : ૧

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૨ | |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૨. નીલકંઠવર્ણીએ ગઢડામાં પોતાની વાણીને શાપ આપ્યો. | ✗ | ગુણ : ૧ |
| ૩. રામાનંદ સ્વામીનો આશ્રમ લોજ ગામમાં હતો. | ✔ | ગુણ : ૧ |
| ૪. ઘુમ્મટની નીચેના ભાગને પ્રદક્ષિણા કહેવાય. | ✗ | ગુણ : ૧ |
| ૫. ગોમતી તળાવ વડતાલમાં છે. | ✔ | ગુણ : ૧ |
| ૬. દીક્ષા આપવાના ઉત્સવને પટ્ટાભિષેક કહે છે. | ✗ | ગુણ : ૧ |
| ૭. કાશીના રાજાએ ઘોડા પર બેસાડીને ધર્મદેવ અને ઘનશ્યામનો વરઘોડો કાઢ્યો. | ✗ | ગુણ : ૧ |
| ૮. ભક્તિમાતા ધામમાં ગયાં પછી ધર્મદેવ ધામમાં ગયા. | ✔ | ગુણ : ૧ |
| ૯. રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને દીક્ષા આપી સ્વામિનારાયણ નામ પાડ્યું. | ✗ | ગુણ : ૧ |
| ૧૦. ઘનશ્યામનો જન્મ અયોધ્યા ગામમાં થયો હતો. | ✗ | ગુણ : ૧ |

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૩. નીચે આપેલાં પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૧૦)**

૧. પિબેક નીલકંઠવર્ણીના પગમાં શા માટે પડ્યો ? ગુણ : ૧

નીલકંઠવર્ણીની પ્રાર્થનાથી ઠુંઠામાંથી ઘટાદાર વૃક્ષ બની ગયું. તેથી પિબેક નીલકંઠ વર્ણીના પગમાં પડ્યો.

૨. બાવાઓએ ઘનશ્યામને નીલકંઠવર્ણી કેમ કહ્યા ? ગુણ : ૧

ઘનશ્યામ ભયને પી ગયા હતા. તેથી બાવાઓએ ઘનશ્યામને નીલકંઠવર્ણી કહ્યા.

૩. જગતમાં કયા ત્રણ જણનો જે જે કાર થાય છે ? ગુણ : ૧

જગતમાં રાજા, ધનવાન અને જ્ઞાનીનો જે જે કાર થાય છે.

૪. ઘનશ્યામે કાશીની ચર્ચાનો શો નિર્ણય આપ્યો ? ગુણ : ૧

ઘનશ્યામે કાશીની ચર્ચામાં ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે તેવો નિર્ણય આપ્યો.

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૩ | |
|---|---|---|

૫. રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને ક્યારે દીક્ષા આપી ? ગુણ : ૧

રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને સંવત્ ૧૮૫૭ના કારતક સુદ એકાદશીના દિવસે દીક્ષા આપી.

૬. શું કહેવાથી શીતલદાસ એકમાંથી અનેક થયા ? ગુણ : ૧

હે સહજાનંદ મહારાજ, મને એકનો અનેક બનાવો એમ કહેવાથી શીતલદાસ એકમાંથી અનેક થયા.

૭. આણંદમાં લોકોએ તોફાન કેવી રીતે કર્યું ? ગુણ : ૧

મહારાજની સવારી પર છાણ, ધૂળ, કાંકરા, ઢેફાં અને ઈંટાળા નાખી આણંદના લોકોએ તોફાન કર્યું.

૮. કોણ મરણ પામ્યા પછી ચિતા પર બેઠો થઈ ગયો ? ગુણ : ૧

પ્રાણવલ્લભ બ્રાહ્મણ મરણ પામ્યા પછી ચિતા પર બેઠો થઈ ગયો.

૯. શ્રીજીમહારાજે અંતિમ મંદવાડમાં ગુણાતીતાનંદ સ્વામી સાથે પ્રેમથી વાતો કરીને શું કહ્યું ? ગુણ : ૧

મીઠા વ્હાલા કેમ વિસરું, મારું તમથી બાંધેલ તન હો.....

૧૦. અમદાવાદમાં સાધુઓની મંડળીએ ક્યાં મુકામ કર્યો ? ગુણ : ૧

દરિયાખાનના ઘુંમટ પાસે આમલીઓના ઝૂંડમાં સાધુઓની મંડળીએ મુકામ કર્યો.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૪. નીચે આપેલાં અવતરણો કોણ, કોને કહે છે તે જણાવો. (કુલ ગુણ : ૧૦)**

૧. ‘‘હું તો એટલા માટે રડું છું કે એનો જેજેકાર જોવા હું દુનિયામાં જીવતો નહિ હોઉં.’’ ગુણ : ૨

કોણ કહે છે ? મુનિ મહારાજ કોને કહે છે ? ધર્મદેવને

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૪ | |
|---|---|---|

૨. ''જંગલી જાનવરોની યે તને બીક નથી લાગતી ?'' ગુણ : ૨

કોણ કહે છે ? બાવાઓના આગેવાને કોને કહે છે ? ઘનશ્યામને

૩. ''આજનો દિ' તું ભૂખ્યો રહ્યો તેને માટે મને માફ કરજે.'' ગુણ : ૨

કોણ કહે છે ? નીલકંઠવર્ણી કોને કહે છે ? વાઘને

૪. ''અમારામાં વળી સિદ્ધાઈ કેવી ?'' ગુણ : ૨

કોણ કહે છે ? મહારાજ કોને કહે છે ? મગનીરામને

૫. ''ખાસડાં વિના તમને ચાલવાની તકલીફ પડશે !'' ગુણ : ૨

કોણ કહે છે ? મહારાજના સાધુ કોને કહે છે ? બાવાને

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૫. નીચે આપેલાં પ્રશ્નોના જવાબ ત્રણ લીટીમાં આપો. (કુલ ગુણ : ૧૦)**

૧. નીલકંઠવર્ણીને લોજનો આશ્રમ કેમ ગમી ગયો ? ગુણ : ૨

આશ્રમમાં કોઈ ગાંજો નહોતું ફૂંકતું, બીડી તમાકું ન વાપરતું. કોઈ ભાંગ નહોતું પીતું, છીકણીં નહોતું સૂંઘતું, આચાર-વિચારમાં શુદ્ધતા હતી. ગુસ્સો કે ગાળાગાળી કરવી તેને ખરાબ ગણતા. ભક્તિનું વાતાવરણ હતું. તેથી નીલકંઠવર્ણીને લોજનો આશ્રમ ગમી ગયો.

૨. સહજાનંદ સ્વામીને ગાદી સોંપ્યા બાદ રામાનંદ સ્વામીએ તેમને કયા આશીર્વાદ આપ્યા ? ગુણ : ૨

''લોક-કલ્યાણના કામો કરજો, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ પ્રવર્તાવજો. વેદમાં કહ્યો એવો ધર્મ પાળજો અને પળાવજો. જીજ્ઞાસુઓને જ્ઞાન આપજો, મુમુક્ષુને દીક્ષા આપી ત્યાગી બનાવજો, મોટાં મંદિરો બનાવી રાધાકૃષ્ણની મૂર્તિઓ પધરાવજો, સદ્‌ગ્રંથો રચી-રચાવી ધર્મનો પાયો પાકો કરજો.''

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૫ | |
|---|---|---|

૩. ડુંગળી, લસણ, ઈંડા, માંસ, દારૂ વગેરે ખાવા-પીવાથી શું નુકશાન થાય છે ? ગુણ : ૨

ડુંગળી, લસણ, ઈંડા, માંસ, દારૂ વગેરે ખાવા-પીવાથી શરીર અને મન બગડે, પાપ લાગે, ખરાબ વિચારો આવે, ખરાબ કામો થાય અને નરકમાં પડાય.

૪. સૂબાએ શ્રીજીમહારાજને મારવા કેવું કાવતરું ઘડ્યું ? ગુણ : ૨

સૂબાએ મહેલમાં ઉકળતા તેલનું ટાંકુ કરાવી, તેને લાકડાની પાતળી ચીપો અને કપડાંથી ઢાંકી દઈ તેની ઉપર મહારાજ માટે સિંહાસન ગોઠવ્યું.

૫. બ્રહ્માનંદ સ્વામીએ બાવાઓને તેમની તલવાર લઈ લેવાનું કેમ કહ્યું ? ગુણ : ૨

સાધુઓમાં કેટલાક ક્ષત્રિય હતા. તલવાર જોઈને એમનું લોહી ઉકળી આવે તો બે-પાંચના માથા વઢાઈ જાય. સંતોને મરવાની કે બાવાઓ મરે તેની બીક ન હતી પણ સાધુઓ મારામારીમાં ઉતરે તો તેઓનું સાધુપણું લાજે. માટે બ્રહ્માનંદ સ્વામીએ બાવાને તલવાર પાછી આપી.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**વિભાગ : ૨**

**પ્ર.૬. નીચે આપેલાં પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી પ્રશ્નની આગળના ચોરસ ખાનામાં ફક્ત જવાબ નંબર લખો. (કુલ ગુણ : ૧૦)**

૧. [ ૨ ] કઈ સંવતમાં રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને ગાદી સોંપી ? ગુણ : ૧ [ ]

(૧) ૧૮૫૬ (૨) ૧૮૫૮ (૩) ૧૮૫૭ (૪) ૧૮૫૯

૨. [ ૩ ] નીલકંઠવર્ણીની શોધમાં કોણે ઘર છોડ્યું અને શ્રીજીમહારાજ પાસે સાધુ થઈને રહ્યા ? ગુણ : ૧ [ ]

(૧) કૃષ્ણ તંબોળી (૨) પિબેક (૩) જયરામદાસ (૪) જોબન પગી

૩. [ ૪ ] મગનીરામ પાસે કેટલા ચેલા હતા ? ગુણ : ૧ [ ]

(૧) ૨૦૦૦ (૨) ૫૦૦૦ (૩) ૪૦૦૦ (૪) ૧૦૦૦

૪. [ ૨ ] શ્રીજીમહારાજ ક્યારે ધામમાં પધાર્યા ? ગુણ : ૧ [ ]

(૧) કારતક સુદ એકાદશી, સંવત ૧૯૮૫ (૨) જેઠ સુદ દશમ, સંવત ૧૮૮૬

(૩) અષાઢ સુદ દશમ, સંવત ૧૯૮૬ (૪) પોષ સુદ નોમ, સંવત ૧૮૮૭

૫. [ ૧ ] નીલકંઠવર્ણીએ કેટલાં વર્ષ વનવિચરણ કર્યું ? ગુણ : ૧ [ ]

(૧) ૭ (૨) ૧૧ (૩) ૫ (૪) ૧૭

૬. [ ૨ ] ભગતજી મહારાજના ગુરુ કોણ હતા ? ગુણ : ૧ [ ]

(૧) શાસ્ત્રીજી મહારાજ (૨) ગુણાતીતાનંદ સ્વામી

(૩) સહજાનંદ સ્વામી (૪) મુક્તાનંદ સ્વામી

૭. [ ૧ ] કયા ગામના રાજાએ સાધુઓને રોજ પોતાના મહેલમાં ભિક્ષા લેવા માટે હુકમ કર્યો ? ગુણ : ૧ [ ]

(૧) જામનગર (૨) અમદાવાદ (૩) આણંદ (૪) જૂનાગઢ

૮. [ ૩ ] 'સ્વાધ્યાયાન્ મા પ્રમદઃ' એટલે શું ? ગુણ : ૧ [ ]

(૧) અભ્યાસમાં ચોરી ન કરો. (૨) અભ્યાસમાં જૂઠું ન કરો.

(૩) અભ્યાસમાં આળસ ન કરો. (૪) અભ્યાસ બરાબર કરો.

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૬ | | પ્ર-૭ | |
|---|---|---|---|---|

૯. [ ૪ ] કયા મંદિરના બાંધકામમાં મદદ કરનારા સંતો-ભક્તોને મહારાજ ભેટ્યા ? ગુણ : ૧

(૧) અમદાવાદ (૨) ભૂજ (૩) ગઢડા (૪) વરતાલ

૧૦. [ ૧ ] સ્વામિનારાયણ મહામંત્રનું રટણ કરતાં કોને સમાધિ થઈ ? ગુણ : ૧

(૧) શીતલદાસ (૨) મુક્તાનંદ સ્વામી (૩) મગનીરામ (૪) જોબનપગી

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૭. વિભાગ 'બ'માંથી યોગ્ય જવાબનો <u>ક્રમાંક</u> પસંદ કરી, વિભાગ 'અ' સામેના ચોરસમાં <u>ફક્ત જવાબનો ક્રમાંક</u> લખી જોડકાં બનાવો. (કુલ ગુણ : ૫)**

| 'અ' | | 'બ' | |
|---|---|---|---|
| ૧. ગઢડા | ૩ | ૧. વિઠોબા | ગુણ : ૧ |
| ૨. પીપલાણા | ૫ | ૨. ચાલુ સવારીએ કાકડી | ગુણ : ૧ |
| ૩. જૂનાગઢ | ૨ | ૩. છોકરાને સમાધિ | ગુણ : ૧ |
| ૪. અમદાવાદ | ૧ | ૪. યજ્ઞ ન અટક્યો | ગુણ : ૧ |
| ૫. ડભાણ | ૪ | ૫. નીલકંઠવર્ણીને દીક્ષા | ગુણ : ૧ |

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૮. નીચે આપેલી સ્વામીની વાતો પૂરી કરો. (કુલ ગુણ : ૧૦)**

૧. નિરંતર સર્વ ક્રિયામાં પાછું વળીને જોવું જે, 'મારે ભગવાન ભજવા છે, ને હું શું કરું છું ?' એમ જોયા કરવું. ગુણ : ૨

૨. ગાફલાઈ ટાળવાનું કારણ એ છે જે ખટકો રાખે તો ટળે ને બીજો ઉપાય તો કોઈક શિક્ષા કરે ત્યારે ટળે.

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૮ | |
|---|---|---|

ગુણ : ૨

૩. આવા સાધુને મનમાં સંભારીએ, તો મનનાં પાપ બળી જાય. ને વાતો સાંભળીએ, તો કાનનાં પાપ બળી જાય. ને દર્શન કરીએ તો આંખનાં પાપ બળી જાય એમ મહિમા જાણવો.

ગુણ : ૨

૪. કેટલેક રૂપિયે આંખ, કાન આદિક ઇન્દ્રિયું મળે નહિ તે ભગવાને આપ્યાં છે, પણ જીવ કેવળ કૃતઘ્ની છે.

ગુણ : ૨

૫. આપણે ભગવાનના છીએ, પણ માયાના નથી, એમ માનવું.

ગુણ : ૨

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

પ્ર.૯. નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ : ૧૦)

૧. ગુરુઃ બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ ।

ગુરુઃ સાક્ષાત્ પરં બ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે

..........

..........

.......... નમઃ ॥ | ગુણ : ૨ | |

૨. પાંચડે પાંચ ભક્તિમાં ના'વે આંચ.......મારા બંધુ૦

છગડે છય, શ્રીજીની બોલો જય .......... મારા બંધુ૦

સાતડે સાત, છે બ્રહ્મ હમારી જાત ........ મારા બંધુ૦

આઠડે આઠ, મૂકી દે

..........

.......... જગનો ઠાઠ. | ગુણ : ૨ | |

૩. ચરણ સરોજ તમારા, વંદુ કર જોડી; (૨),

ચરણે શીશ (ચિત્ત) ધર્યાથી (૨) દુઃખ નાખ્યાં તોડી.......જય૦

નારાયણમુનિ ત્રાતા (સુખદાતા) દ્વિજકુળ તનુ ધારી; (૨)

પામર પતિત ઉધ્ધાર્યા (૨) અગણિત

.......... નરનારી. | ગુણ : ૨ | |

૪. અક્ષરને મન ભાવ્યા અમે, પુરુષોત્તમને જાણ્યા અમે,

વંદન કરીએ ગુરુજી તમને, સદાય રાખો

..........

..........

.......... ચરણે અમને. | ગુણ : ૨ | |

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૯ | |
|---|---|---|

૫. ૐ સહ નાવવતુ સહ નૌં ભુનક્તુ સહ વીર્યં કરવાવહૈ ।

તેજસ્વિ નાવધીતમસ્તુ મા વિદ્વિષાવહૈ ॥

ૐ શાંતિઃ

શાંતિઃ શાંતિઃ. | ગુણ : ૨ | |

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૧૦ નીચે આપેલાં પાઠમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

૧. જ્યાં વહેમ ત્યાં હરિ નહીં. ૨. અભ્યાસ ૩. અહીં ઘનશ્યામ તહીં ઘનશ્યામ

( ૧ ) એક વાર એક માણસ માંદો પડ્યો. અને તેનાં સગાં મહારાજને બોલાવી લાવ્યા. મનમાં એમ કે મહારાજનાં આશીર્વાદથી એ સાજો થઈ જાય. પણ મહારાજે ત્યાં જઈને જોયું તો ખાટલાનાં પાયે કાળો દોરો બાંધેલો હતો. મહારાજ પાછા ફરી ગયા અને કહે, ''જ્યાં વહેમ ત્યાં હરિ નહિ, જ્યાં હરિ ત્યાં વહેમ નહિ.'' હરિનાં ભક્તે હરિ પર જ વિશ્વાસ રાખવો જોઈએ. પરમાત્માથી મોટું કોઈ નથી. માટે પરમાત્મા સિવાય કોઈની સાડાબારી રાખવી નહિ. મંતર-જંતર, દોરા-ધાગા, ભૂત-પલિત, ડાકણ-શાકણ, કશાથી બીવું નહીં! વહેમો તો કંઈ થોડા હતા ? હોળી આવે એટલે લોકો ગંદા ફટાણાં ગાય, છાતી કૂટે, ગાળો દે ! કહે કે આવું કરવું પડે, ન કરીએ તો હોળી માતા ગુસ્સે થાય. મહારાજ કહે : મા તે કદી ગાળો દેવાનું કહેતી હશે ? તેમણે એ બધું બંધ કરાવ્યું. સંતો પાસે હોળી પર ગાવાના સુંદર ગીતો લખાવ્યાં. તે ગીતો બધે ગવાતાં કરાવ્યાં. લગ્ન વખતે ગવાતાં બીભત્સ ગીતો પણ મહારાજે બંધ કરાવી રાધા-વિવાહ અને રૂક્ષ્મણી-વિવાહનાં ગીતો ગવાતાં કર્યાં. તેમણે લોકોને બતાવ્યું કે જ્યાં વહેમ ત્યાં હરિ નહિ ! ને જ્યાં હરિ ત્યાં વહેમ નહીં. કારણ પરમાત્માની ઈચ્છા વગર કોઈ સાજું-માદું થતું નથી. માટે માંદે-સાજે, દુ:ખમાં-સુખમાં એક પરમાત્માનો જ આશરો લેવો.

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧૦ | |
|---|---|---|

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા